## पु●ना International School

Shree Swaminarayan Gurukul, Zundal

| SUMMATIVE ASSIGNMENT -2 2021-22 | |
|---|---|
| Grade – 6 | Subject- GUJARATI |
| Syllabus – CH-8,9,10,11,12,13,14 | FROM TEXTBOOK |

- **The Paper will be divided into four sections.**

**[ READING SECTION]**

**1)** હવાનું પ્રદૂષણ, પાણીનુ પ્રદૂષણ તેમ અવાજનું પ્રદૂષણ પણ દિનપ્રતિદિન વધતુ જાય છે. આ એક ચિંતાનો વિષય છે. ઘરમાં શાળામાં,સભામાં કે રમતના મેદાનમાં મોટેથી વાતો કરવી એ કુટેવ છે. એવી જ રીતે રેડિયો કે ટેલિવિઝનનો અવાજ મોટો રાખવો એ શિષ્ટાચારની વિરુધ્ધ છે. નવરાત્રિ કે લગ્નપ્રસંગે રાતે મોડે સુધી કાનનાં પડદા તોડી નાખે એવો લાઉડસ્પીકરનો અવાજ રાખવો એ સામાજિક દૂષણ છે. અવાજનું પ્રદૂષણ ઘટાડવું એ શું આપણા હાથમાં નથી ? આવો, આપણે સાથે મળી અવાજનું પ્રદૂષણ ઘટાડવાનો સંકલ્પ કરીએ. આપણે ઘર, શાળા, સભા, કે મેદાન પર શાંતિ જાળવીશું. રેડિયો અને ટેલિવિઝનનો અવાજ બહુ ધીમો રાખીશું. નવરાત્રિ કે લગ્ન જેવા પ્રસંગે લાઉડસ્પીકરનો મર્યાદિત ઉપયોગ કરીશું.

પ્રશ્નો 1 ) આપણા સૌ માટે ચિંતાનુ કારણ ક્યુ છે ?

2) ક્યા પ્રસંગોએ રાતે મોડે સુધી લાઉડસ્પીકરનો ઉપયોગ થાય છે?

3) શું કરવું શિષ્ટાચારની વિરુધ્ધ છે ?

4) અવાજનું પ્રદુષણ ઘટાડવા આપણે ક્યો સંકલ્પ કરીશું?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**2)** કશ્મીરનું સૌંદર્ય એક વાર જોયુ તો ભુલાય એવું નથી. એવી રીતે ન ભુલાય એવી કશ્મીરની બીજી વસ્તુ તે ત્યાંની કડકડતી ઠંડી. એક વાર એ ઠંડી અનુભવી તો જિંદગીમાં કદી ભુલાય નહિ. ઠંડીનું જોર વધે કે ત્યાંના લોકો પટ્ટુનાં લાંબા લાંબા ડગલા પહેરે છે. બાંય તો એવી રાખેને કે તે આંગળાને ઢાંકીને પણ છેક નીચે લબડતી રહે. હાથ બહાર રાખ્યો કે ઠંડીમાં ખોટો થયો સમજવો. આથી ત્યાંના લોકો ઠંડીમા હાથ બહાર કાઢતા જ નથી. કંઇ ખાવાનું વેચાતું લે તો તે બાયના છેડા પર જ લે, અને એને બાય વડે જ પકડે.

કશ્મીરનાં લોકોને આ ઠંડીની કંઇક ટેવ પણ ખરી, પણ બહારના મુસાફરોને તો એ ઠંડી વીંછીની જેમ ડંખ મારે. આથી મુસાફરો નેતરની ટોપલીમાં ગરમ સગડી મૂકે છે અને ગળે બાંધીને ફરે છે.

પ્રશ્નો 1 ) કશ્મીરની કઇ વસ્તુઓ યાદ રહી જાય એવી છે ?

2) કશ્મીરના લોકો ઠંડીથી બચવા શું કરે છે?

3) છોકરાઓ બાયમાથી હાથ કેમ કાઢતા નથી ?

4) મુસાફરો ઠંડીથી બચવા શુ કરે છે?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, નથી મારે હીરલો થાવું રે,
હીરો બની મારે પેટીપટારે રૂંધી ન મરવું તેજ ;
પ્રભુ મને તેજ ન દેજે રે, પ્રભુ! મને પથ્થર ઘડજે રે,
પથ્થર ઘડજે ને ક્યાંય પટકજે નદી સરોવર તીર ;
મને સૌ પીડતુ છોને રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.
હીરો બની કોઇ એક જ નર કે નારીનો થાઉં દાસ ;
પથ્થર થઇ પૃથ્વીની સેવા રે, કરી મારે લ્હાવ જ લેવા રે.
તેજ હીરામાં ને ઝેર હ્યદયમાં ગમતું મને ના એમ;
પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, ઘડી મન ફાવે ત્યાં ધરજે રે.
પથ્થરને આપે પ્રભુ પદ લોકો હીરલે જડતા અંગ;
એમાથી તું ઉગારી લેજે રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.
પ્રભુપદ કોઇને દેજે રે મને તો તુ પથ્થર ઘડજે રે;
કહ્યું દેવ ! આટલું કરજે રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.

પ્રશ્નો : 1) કવિ શું બનવાની ઇચ્છા ધરાવે છે ?

2) કવિ હીરો બનવાની શા માટે ના પાડે છે ?

3) કવિ પૃથ્વીની સેવા કેવી રીતે કરવા માગે છે ?

4) કવિ પોતાને શામાથી ઉગારી લેવા પ્રભુને વિનવે છે ?

5) કાવ્યને યોગ્ય શિર્ષક આપો.

**[WRITING SECTION ]**

## Q . 2 (A) નીચેના વિશે નિબંધ લખો.

**1) મારું શહેર 2) મારો શોખ**

નીચેના મુદ્દા પરથી વાર્તા લખો.

1) એક જંગલ - સિંહનો ત્રાસ - દરરોજ પશુઓની હત્યા - પશુઓની સિંહને વિનંતી - દરરોજ એક પશુ મોકલવાનો નિર્ણય - સસલાનો વારો - સસલાનું સિહ પાસે મોડા પહોચવું - સિંહનુ ગુસ્સે થવું - સસલાનું સિંહને કૂવા પાસે લઇ જવું - કૂવામાં સિંહને પોતાનો પડછાયો દેખાવો - સિંહનુ કૂવામાં કૂદિ પડવું - સસલાનું બચી જવું - બોધ.

### સસલાની ચતુરાઇ

એક મોટું જંગલ હતું. તેમાં એક સિંહ રહેતો હતો. જે ખુબ જ તાકાતવાળો હતો. રોજ કેટલાય પશુંઓને મારી નાખતો હતો. એટલે બધાય જનાવરોએ ભેગા થયા. ભેગા થઇને વિચાર્યુ કે જો આમ જ સિંહ બધાને મારી નાખશે તો એક દિવસ આખુ જંગલ ખાલી થઇ જશે.

બધા જાનવરો એ નક્કી કર્યુ અને સિહને મળવા ગયા અને સિંહને કીધુ તમારે કોઇનો શિકાર કરવા જવું નહિ, અમે દરરોજ એક જાનવર તમારી પાસે આવી જઇશું તેને તમારે ખાઇ જવાનુ. સિહે હા પાડી એટલે દરેક જાનવર સિંહ જોડે જવા લાગ્યો.

એક વખત સસલાનો વારો આવ્યો. એટલે સસલાએ એક ઉપાય કર્યો તે સિંહ પાસે મોડો પહોચ્યો, સિંહ ગુસ્સે થયો તો સસલાએ કહ્યુ મહારાજ તમારા જેવોજ એક સિંહજંગલમાં આવ્યો છે તો એનાથી બચીને આવતા મારે મોડુ થઇ ગયુ. સિંહ ગુસ્સે થયો અને બીજા સિંહને બતાવવા કહ્યું.

સસલો તેને કૂવા પાસે લઇ ગયો કૂવામાં સિંહે તેનુ જ પ્રતિબિંબ જોયુ. એટલે તેને ત્રાડ પાડી પણ પોતાનો જ પડઘો પડવાથી તેને લાગ્યુ કે અંદરબીજો સિંહ છે તો તરત તે કૂવામાં કૂદી પડ્યો અને સિહ મરી ગયો.

આમ સસલાના ઉપાયથી સિહ મરી ગયો અને તે બચી ગયો.

2) એક ખેડૂત - ચાર દીકરા - દીકરા વચ્ચે કુસંપ - ખેડૂતને ચિંતા - ખેડૂતની માંદગી - ચારે દીકરાને બોલાવવાં - લાકડીઓની ભારી મંગાવવી - દરેક દીકરાને લાકડીઓની ભારી ભાંગવા કહેવું - ભારી ન ભાંગી શક્યા - લાકડીઓ છૂટી પાડી એક એક લાકડી ભાંગવા કહેવું - એક એક લાકડીઓ તરત ભાંગી શક્યાં - બોધ.

## એકતામાં જ સાચી તાકાત છે

એક ખેડૂત હતો. તેના ચાર દીકરા હતા. બધા એકબીજાની જોડે રહેતા હતા પરંતુ એક દિવસ કોઇ બાબતે તેમની વચે ઝગડો થયો. અને બધા વચ્ચે કુસંપ થયો ખેડૂતને ચિંતા થવા લાગી અને એક દિવસ તે બીમાર પડ્યો તેને લાગ્યુ કે હવે હું વધારે જીવી નહિ શકુ, પરંતુ દિકરાઓ વચ્ચે કુસંપ હોવાથી તે વધારે ચિંતિત રહેતો હતો.

એક દિવસ એને દરેક દિકરાને બોલાવ્યા અને એક લાકડાની ભારી લાવવાનું કહ્યું અને દરેક દિકરાને ભારી ભાંગવાનું કહ્યું પણ તે ભારી ભાંગી શક્યા નહિ. ત્યારબાદ તેમણે તે ભારી છોડી નાખી અને એક એક લાકડી ભાંગવા કહ્યું બધાયે તરત લાકડી ભાંગી નાખી. આમ દરેક દિકરાને એક્તાની તાકાત સમજાઇ ગઇ.

આમ, દરેક દીકરાઓ સંપથી સાથે રહેવા લાગ્યા.

**[GRAMMAR SECTION]**

**Q .3 (A) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | મિંદડી | = | બિલાડી | 2) | ગાવડી | = | ગાય |
| 3) | આભ | = | આકાશ | 4) | જડી | = | મળી |
| 5) | વાંક | = | અપરાધ | 6) | ટકોર | = | ઠપકો |
| 7) | આઘે | = | દૂર | 8) | આશ્ચર્ય | = | નવાઇ |
| 9) | ઝાલવું | = | પકડવું | 10) | ગોતવું | = | શોધવું |
| 11) | કૃપા | = | મહેરબાની | 12) | આંખ | = | નયન |
| 13) | વિખૂટું | = | છૂટું | 14) | જંગલ | = | વન |

(B) નીચે આપેલા શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | હોશિયાર | x | ઠોઠ | 2) | અઘરું | x | સહેલું |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 3) | જૂનું | X | નવું | 4) | નિરાશા | X | આશા |
| 5) | નબળું | X | સબળું | 6) | અંધારું | X | અજવાળું |
| 7) | શાંતિ | X | અશાંતિ | 8) | સ્મરણ | X | વિસ્મરણ |
| 9) | ધ્યાન | X | બેધ્યાન | 10) | લાભ | X | ગેરલાભ |

## (C) નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

| | | |
|---|---|---|
| ટપાલી | : | ટપાલી સાઇકલ પર આવે છે. તે ટપાલ લાવે છે. |
| કમ્પ્યૂટર | : | કમ્પ્યૂટર વિજ્ઞાનની મહાન શોધ છે તેનાથી કામો જલદી થાય છે. |
| મોબાઇલ | : | મોબાઇલ સંદેશો મોકલવા કે મેળવવાં માટેનું ઉત્તમ સાધન છે. તે ઉપયોગી છે |
| ટપાલપેટી | : | ટપાલપેટીમાં લોકો પત્રો નાખે છે. તે દરરોજ ખોલવામાં આવે છે. |
| કબૂતર | : | કબૂતર શાંતિ પ્રિય પક્ષી છે. તે પોતાની દિશા ભૂલતું નથી. |
| પેન્સિલ | : | પેન્સિલથી લખવાની મજા આવે છે. |
| રબર | : | પેન્સિલ સાથે રબર રાખવુ જ પડે. |
| ગાય | : | ગાય આપણી માતા સમાન છે. |
| સૂરજ | : | સૂરજ ગરમી આપે છે. |
| ઝાડ | : | ઝાડ શીતળ છાયા આપે છે. |
| ઝવેરાત | : | ચોર પાસે કશું ઝવેરાત મળ્યું નહિ. |
| હુકમ | : | બાદશાહે બીરબલને દરબારમાં આવવાનો હુકમ કર્યો. |
| અનુમાન | : | વાદળાંથી અનુમાન થઇ શકે છે કે વરસાદ આવશે. |
| અવલોકન | : | ફકીરની અવલોકન કરવાની શક્તિ સારી છે. |
| ફકીર | : | આજે ગામમાં એક ફકીર આવ્યા છે. |

## (D) શબ્દજોડ બનાવો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | કાગડો | - | કાગડી | 2) | મોર | - | ઢેલ |
| 3) | કૂતરો | - | કૂતરી | 4) | ચકલો | - | ચકલી |
| 5) | સસલો | - | સસલી | 6) | પોપટ | - | મેના |

**[LITERATURE SECTION ]**

**Q.4 (A) નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો.**

1) અશોકભાઇ બાળકોને કેવી રીતે શીખવે છે?

જ) અશોકભાઇ બાળકોને પ્રેમથી, હસતા – હસાવતા શીખવે છે.

2) દિવાળીમાં શું ખાઇને મોજ કરવાની છે?

જ) દિવાળીમાં મીઠાઇ ખાઇને મોજ કરવાની છે?.

3) મોરલાની પીંછીંમાંશું જડેલું છે?

જ) મોરલાની પીંછીમાં રંગબેરંગી ટીલડી જડેલી છે.

4) કવિનો હાથ ક્યાં પહોચતો નથી?

જ) કવિનો હાથ આંબાની ટોચે પહોચતો નથી.

5) ચાંદાની થાળીમાં કોની ઝૂંપડી મઢેલી છે?

જ) ચાંદાની થાળીમાં બકરી અને ડોસીની ઝૂંપડી મઢેલી છે.

6) કવિ આભલાની ચૂંદડી કોને કહે છે?

જ) કવિ નવ લખ તારાથી મઢેલા આભને આભલાની ચૂંદડી કહે છે.

7) બીરબલના મતે મૂર્ખાઓને શી રીતે ઓળખી શકાય?

જ) બીરબલના મતે મૂર્ખાઓને એમના બોલવા – ચાલવા પરથી ઓળખી શકાય.

8) બાદશાહે બીરબલને ક્યું કામ સોપ્યું?

જ) બાદશાહે બીરબલને એક અઠવાડિયાની અંદર છ મૂરખાને શોધી દરબારમાં હાજર કરવાનું કામ સોપ્યુ.

9) મૂરખ બે હાથનું માપ કોને બતાવવા જતો હતો?

જ) મૂરખ બે હાથનુ માપ કબાટ બનાવવા માટે શુથારને બતાવવા જતો હતો.

10) ફકીરે પોતાની કઇ ટેવને આધારે ઊંટનું વર્ણન કર્યું?

જ) ફકીરે પોતાની અવલોકન કરવાની ટેવને આધારે ઊંટનું વર્ણન કર્યું.

11) તારકને શાની બીક લાગે છે?

જ) તારકને વૃક્ષ ઉપર ચડવાની બીક લાગે છે.

12) દાદાજીએ નરેન્દ્રને કોનો ડર બતાવ્યો?

જ) દાદાજીએ નરેન્દ્રને રાક્ષસનો ડર બતાવ્યો.

13) પંખીના ટોળાને એક પંખીએ શી વાત કરી?

જ) પંખીના ટોળાને એક પંખીએ તરસ્યા છોડની વાત કરી.

14) ઝાડની ડાળી પર બેસીને વાદળીએ શું કર્યું?

જ) ઝાડની ડાળી પર બેસીને વાદળી ઝરમર ઝરમર વરસી.

15) બચુડાને સોટી લઇને શું રમવાનું કહ્યું છે?

જ) બચુડાને સોટી લઇને સૈનિક સૈનિક રમવાનું કહ્યું છે.

4) માથે ટોપી પહેરીને ક્યા ભમવાનું કાવ્યમાં જણાવ્યું છે?

જ) માથે ટોપી પહેરીને ગલીએ ગલીએ ભમવાનું કાવ્યમાં જણાવ્યું છે.

## (B) નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) પત્રલેખનમાં શી શી કાળજી લેવી જોઇએ?

જ) પત્રલેખનમાં નીચે મુજબની કાળજી લેવી જોઇએ.

1. પત્ર લખનારે પોતાના નામ,સરનામું તથા તારીખ પત્રના મથાળે જમણી બાજુ લખવા જોઇએ.
2. જેમને પત્ર લખતા હોઇએ તેમને યોગ્ય સંબોધન આપવું જોઇએ.
3. પત્રમાં પોતાના વિચારોને સ્પષ્ટ અને સરળ રીતે રજૂ કરવા જોઇએ.
4. પત્ર સુંદર અક્ષરે લખવો જોઇએ.
5. લેખનમાં ભાષાકીય ભૂલો ન થવી જોઇએ.
6. પત્ર મોકલવાના પરબીડિયાકે કવર પર પત્ર મેળવનારનું પૂરું નામ, સરનામું અને પિનકોડ નંબર લખવા જોઇએ.

2) ઘોડેસવાર કઇ રીતે મૂરખ હતો?

જ) ઘોડેસવાર માથા પર ઘાસનો ભારો લઇને જતો હતો. તેના કહેવા પ્રમાણે તેનો ઘોડો ખૂબ નબળો હતો. ઘાસનો ભારો એના પર મૂકે તો એ બિચારો મરી જાય ! એ મૂરખ હતો કારણા કે તેને એટલી સમજ ન હતી કે ઘાસના ભારાનું વજન પણ તેના વજન સાથે ઘોડાએ જ ઊંચકવું પડે !.

3) કાદવમાં પડેલા માણસની શી મૂર્ખાઇ હતી?

જ) કાદવમાં પડેલો માણસ બે હાથ પહોળા કરીને કાદવમાં પડ્યો હતો. એ એની મેળે બેઠો થઇ શકે તેમ હતું, છતા એ બેઠા થવાનો પ્રયત્ન નહોતો કરતો. તેના પહોળા હાથ તેના જૂના

કબાટનું માપ હતું. એ મૂરખ હતો કારણ કે તેને એટલી સમજ ન હતી કે બે હાથ પહોળા રાખવાથી કબાટની સાચી પહોળાઇ જાણી શકાય નહિ !.

4) સોનાની વીંટીવાળો અને હીરાની વીંટીવાળો આ બંને માણસમાથી તમને ક્યો માણસ વધારે મૂરખ લાગે છે ? કેમ ?

જ) સોનાની વીંટીવાળો અને હીરાની વીંટીવાળો આ બંને માણસમાથી મને હીરાની વીંટીવાળો માણસ વધારે મૂરખ લાગે છે, કારણ કે એ મૂરખને એટલી સમજ નથી કે આકાશમાનાં વાદળની નિશાની રાખી શકાય નહિ, કારણ કે વાદળ સ્થિર રહી શકે નહિ.

5) બીરબલે કુલ કેટલા મૂરખ શોધ્યા? ક્યાં ક્યાં?

જ) બીરબલે કુલ છ મૂરખાઓ શોધ્યા 1. ઘોડેસવાર, 2. કાદવમાં પડેલો માણસ 3. સોનાની વીંટી શોધતો માણસ 4. હીરાની વીંટી શોધતો માણસ 5. બીરબલ પોતે 6. અકબર

6) ફકીરે કરેલું ઊંટનું વર્ણન કરો?

જ) ફકીરે કરેલું ઊંટનું વર્ણન : તેની જમણી આંખ ફૂટેલી છે. તે ડાબે પગે ખોડું છે. તેનો આગલો દાંત પડી ગયો છે. તેની એક બાજુએ મધ તથા બીજી બાજુએ ઘઉં લાદ્યા છે.

7) વેપારીએ કડકાઇથી ફકીરને શું કહ્યું?

જ) વેપારીએ કડકાઇથી ફકીરને કહ્યું : “ ડાહ્યા થઇ મારું ઊંટ મને આપી દો, તેના ઉપર કીમતી ઝવેરાત પણ હતું. જો નહિ આપો, તો તમને પકડીને રાજા પાસે લઇ જવા પડશે.

8) વેપારીની ધમકીનો ફકીરે શો જવાબ આપ્યો?

જ) વેપારીની ધમકીનો ફકીરે જવાબ આપ્યો : “ અરે શેઠજી, હું તમને ખરું કહું છું કે, મે તમારું ઊંટ જોયુ જ નથી; પછી તેના પરની ઝવેરાતની વાત જ શી?”

9) ઊંટ પર ઘઉં અને મધ હતાં – એવું અનુમાન ફકીરે ક્યા આધારે કર્યું હશે ?

જ) ઊંટના માર્ગની એક બાજુએ ઘઉં વેરાયેલા હતા અને બીજી બાજુએ માખીઓ બણબણતી હતી. તેના આધારે ફકીરે અનુમાન કર્યુ હશે કે ઊંટ પર ઘઉં અને મધ હતા.

10) ફકીરની વાત સાંભળી રાજાએ શું કર્યું?

જ) ફકીરની વાત સાંભળીને રાજાને ખાતરી થઇ કે ફકીરે ખરેખર ઊંટ જોયુ નથી કે સંતાડ્યુ નથી. તેણે ઊંટ વિશે જે કહ્યું તે તેની અવલોકન કરવાની ટેવ પરથી જ કહ્યુ હતું. રાજાએ ફકીરને ઇનામ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો અને તેની અવલોકન શક્તિનાં વખાણ કર્યા

11) છોડની તરસ છિપાવવા, પંખીટોળાએ શું કર્યું?

જ) છોડની તરસ છિપાવવા પંખીટોળું તળાવે પહોચ્યું, પાણીથી ચાચો ભરી અને પેલા છોડ પાસે આવી પાણી ભરેલી ચાંચો ખાલી કરી દીધી. તેમણે આવા દસ – બાર ફેરા કર્યા ને છોડના મૂળને પાણી પાયું.

12) નરેન્દ્ર કેળાની વાડીમાં શા માટે ગયો?

જ) નરેન્દ્રની માતા ભુવનેશ્વરી દેવીએ નરેન્દ્રને હનુમાનજીનાં પરાક્રમોની વાતો કરી અને કહ્યુ હનુમાનજીને કેળા બહું ભાવે છે એટલે તે કેળાંની વાડીમાં રહે છે. આથી નરેન્દ્ર કેળાની વાડીમાં હનુમાનજીને મળવા ગયો, પણ ત્યાં તેને હનુમાનજીના દર્શન થયા નહિ.

13) છોડની તરસ છિપાવવા, પંખીટોળાએ શું કર્યું?

જ) છોડની તરસ છિપાવવા પંખીટોળું તળાવે પહોચ્યું, પાણીથી ચાચો ભરી અને પેલા છોડ પાસે આવી પાણી ભરેલી ચાંચો ખાલી કરી દીધી. તેમણે આવા દસ – બાર ફેરા કર્યા ને છોડના મૂળને પાણી પાયું.

**14)** સૈનિક ક્યાં કાર્યો કરે છે?

જ) સૈનિક દેશની રક્ષા કરવાનું કામ કરે છે. તે દેશની સહરદે સીમાનું રક્ષણ કરે છે. તે માટે તે અનેક મુસીબતો વેઠે છે. મતદાન વખતે કે દેશના કોઇ ભાગમાં તોફાન થાય ત્યારે શાંતિ જાળવવા માટે પહોચી જાય છે.